# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગાંધીનગર ખાતે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે – આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે.

2) પ્રધાનમંત્રી ડેવલપ્ડ ઇન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ 2026ના સમાપન સત્રમાં આજે હાજરી આપશે

3) ઇસરો આજે શ્રી હરિકોટાથી DRDO ના પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ EOS-N1નું પ્રક્ષેપણ કરશે.

4) ટ્રમ્પે અમેરિકામાં રખાયેલા વેનેઝુએલાના સરકારી ભંડોળ અદાલતો અને લેણદારો દ્વારા જપ્ત ન થાય તે માટે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી

5) વડોદરામાં રમાયેલી એક દિવસીય ક્રિકેટ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને ચાર વિકેટે હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GERMAN CHANCELLOR FREDERICK MAYES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેએત્સ સાથે મહાત્મા મંદિર ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરશે. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓ ભારત-જર્મની વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રગતિની સમીક્ષા કરશે

સાંભળીએ અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ...

V/C: APRNA-KHUNT

# PM RAJKOT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં બોલતા જણાવ્યું કે, વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ દેશમાં સ્થિરતાનું વાતાવરણ છે. આ સમિટમાં ઉદ્યોગના નેતાઓએ વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે મહત્વપૂર્ણ જાહેરાતો કરી.

પ્રસ્તુત છે એક અહેવાલ...

V/C: હંસીની વાઝા

*(રાજકોટમાં આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ગઈકાલે મોટા ઉદ્યોગપતિઓએ વિકસિત ભારતના સપનાને સાકાર કરવાનો સંકલ્પ દોહરાવ્યો હતો. રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં પોતાનું રોકાણ બમણું કરીને 7 લાખ કરોડ રૂપિયા સુધી કરવાની જાહેરાત કરી હતી. અદાણી પોર્ટ્સના એમડી કરણ અદાણીએ જણાવ્યું હતું કે, ખાવડામાં વિશ્વનો સૌથી મોટો ક્લીન એનર્જી પાર્ક 2030 સુધીમાં સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે. આ જાહેરાતો દર્શાવે છે કે ગુજરાત આગામી સમયમાં હરિત ઊર્જા અને આધુનિક ટેકનોલોજીના જોરે દેશના અર્થતંત્રને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે સજ્જ છે.*

*અપર્ણા ખુંટના અહેવાલ સાથે, હંસીની વાઝા, આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# PM-YOUTH DAY VBYLD

આજે રાષ્ટ્રીય યુવા દિવસ છે. તે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ઉજવણી કરે છે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીમાં ડેવલપ ઇન્ડિયા યંગ લીડર્સ ડાયલોગ 2026ના સમાપન સત્રમાં હાજરી આપશે.

શ્રી મોદી ભારત અને વિદેશના આશરે ત્રણ હજાર યુવાનો સાથે વાર્તાલાપ કરશે. પસંદ કરાયેલા સહભાગીઓ 10 વિષયો પર પ્રધાનમંત્રી સમક્ષ તેમની અંતિમ પ્રસ્તુતિઓ રજૂ કરશે, રાષ્ટ્રીય મહત્વના મુખ્ય ક્ષેત્રો પર તેમના દ્રષ્ટિકોણ અને કાર્યક્ષમ વિચારો શેર કરશે.

પ્રસ્તુત છે એક અહેવાલ...

V/C- ANUPAM-YOUTH-DAY

# IIMA CONFERENCE

અમદાવાદ સ્થિતિ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ખાતે વેન્ચર્સ સમિટ 2026 યોજાશે. ડિપટેક, સસ્ટેઇનીબીલિટી, ફાયનાન્સિઅલ ઇન્ક્લુઝ સહિતના ચર્ચાને આવરી લેતા આ બે દિવસિય પરિષદનું ઉદઘાટન કેન્દ્રીય મંત્રી ડોક્ટર જીતેન્દ્રસિંહ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## ISRO-PSLV-C62

**ઇસરો આજે PSLV-C62 EOS-N1 મિશનનું પ્રક્ષેપણ કરશે. આજે સવારે 10:17 વાગ્યે શ્રી હરિકોટાના સતીશ ધવન અવકાશ કેન્દ્રના પ્રથમ લોન્ચ પેડ આ મિશન લોન્ચ કરાશે. સ્પેસ ઇન્ડિયા લિમિટેડ દ્વારા સંચાલિત આ મિશન ભારતના સૌથી વિશ્વસનીય અને સફળ લોન્ચ વાહન, PSLVની 64મી ઉડાન હશે.**

**પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ બનાવવા અને લોન્ચ કરવા માટે આ નવમું વ્યાપારી મિશન છે. આ સાથે આ રોકેટ 15 અન્ય ભારતીય અને વિદેશી ઉપગ્રહોને પણ લઈ જશે.**

**DRDO દ્વારા વિકસીત EOS-N1 ઉપગ્રહ અત્યાધુનિક ઇમેજીંગ ક્ષમતા પ્રદાન કરશે.**

# US-VENEZUELA-FUND

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં રાખવામાં આવેલા વેનેઝુએલાના સરકારી ભંડોળને અદાલતો અને લેણદારો દ્વારા જપ્ત ન થાય તે માટે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે.

એક કાર્યકારી આદેશમાં, શ્રી ટ્રમ્પે જણાવ્યું કે વેનેઝુએલાની સરકારી થાપણો સામે જપ્તી અથવા અન્ય ન્યાયિક કાર્યવાહીની ધમકી અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિને ગંભીર નુકસાન પહોંચાડશે. તેમણે જણાવ્યું કે આવી કાર્યવાહી વેનેઝુએલામાં આર્થિક અને રાજકીય સ્થિરતાને પ્રોત્સાહન આપવાના અમેરિકાના પ્રયાસોને અવરોધશે.

કાર્યકારી આદેશ વિદેશી સરકારી થાપણો સામે કોઈપણ જપ્તી અથવા અન્ય ન્યાયિક કાર્યવાહી પર પ્રતિબંધ મૂકે છે. આદેશ સ્પષ્ટ કરે છે કે આ ભંડોળ વેનેઝુએલાની સરકાર દ્વારા કુદરતી સંસાધનોના વેચાણમાંથી મેળવવામાં આવી છે. આ ભંડોળને વેનેઝુએલાની સાર્વભૌમ મિલકત ગણવામાં આવશે.

ખાનગી પક્ષો અથવા ચુકાદાના લેણદારોની મિલકત નહીં. આદેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અમેરિકી સરકાર ફક્ત આ ભંડોળની રક્ષક છે.

# NEW IRAN UNREST

ઈરાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક 538 થયો છે. અમેરિકા સ્થિત માનવાધિકાર કાર્યકર્તા એજન્સીએ અહેવાલ આપ્યો છે કે મૃતકોમાં 490 વિરોધીઓ અને 48 સુરક્ષા દળોના સભ્યોનો સમાવેશ થાય છે.

એજન્સીએ ચેતવણી આપી કે મૃત્યુઆંક વધુ વધી શકે છે. તેણે એમ પણ અહેવાલ આપ્યો છે કે 10,600થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. ઈરાનમાં ઇન્ટરનેટ અને ફોન લાઇન બંધ હોવાથી વિદેશથી વિરોધ પ્રદર્શનોની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવું વધુ મુશ્કેલ બન્યું છે. ઈરાની સરકારે વિરોધ પ્રદર્શનોમાં કુલ મૃત્યુઆંક જાહેર કર્યો નથી.

દરમિયાન, ઈરાનના સંસદના અધ્યક્ષ, મોહમ્મદ બાઘર કાલિબાફે ચેતવણી આપી કે જો, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓના જવાબમાં અમેરિકા ઇસ્લામિક રિપબ્લિક પર હુમલો કરશે, તો અમેરિકન સૈન્ય અને ઈઝરાયલ કાયદેસરના નિશાન બનશે.

ઉલ્લેખનીય છે કે ઈરાનમાં આ વિરોધ પ્રદર્શનો બે અઠવાડિયાથી વધુ સમયથી ચાલી રહ્યા છે.

# ICJ- GENOCIDE CASE

આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત રોહિંગ્યા સમુદાય પર થયેલા કથિત અત્યાચારો બદલ ગામ્બિયા દ્વારા મ્યાનમાર સામે દાખલ કરાયેલા નરસંહાર કેસમાં આજે સુનાવણી શરૂ કરશે. આ સુનાવણી 29 જાન્યુઆરી સુધી ચાલુ રહેશે.

આ કેસ ઉત્તરી રાખાઇન રાજ્યમાં 2017માં મ્યાનમારના લશ્કરી કાર્યવાહી સાથે સંબંધિત છે. આ કાર્યવાહીને કારણે 7 લાખથી વધુ રોહિંગ્યા લોકોને હત્યા, જાતીય હિંસા અને આગચંપીના આરોપો વચ્ચે બાંગ્લાદેશ ભાગી જવાની ફરજ પડી હતી.

નવેમ્બર 2019માં, ગામ્બિયાએ આ મામલો આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતમાં રજૂ કર્યો. માનવ અધિકાર જૂથોએ કહ્યું કે આ સુનાવણી રોહિંગ્યા માટે ન્યાય તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

# CRICKET ODI

વડોદરામાં રમાયેલી ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચમાં ગઇકાલે ભારતે ન્યૂઝીલેન્ડને ચાર વિકેટે હરાવ્યું.

ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા, નિર્ધારિત 50 ઓવરમાં આઠ વિકેટે 300 રન બનાવ્યા. ડેરિલ મિશેલે સૌથી વધુ 84, જ્યારે હેનરી નિકોલ્સે 62 રન બનાવ્યા. ભારત તરફથી મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા અને પ્રસિદ્ધ કૃષ્ણાએ બે-બે અને કુલદીપ યાદવે એક વિકેટ લીધી હતી.

301 રનના લક્ષ્યનો પીછો કરતા ભારતે 49 ઓવરમાં છ વિકેટે 306 રન બનાવીને મેચ જીતી લીધી. કેપ્ટન શુભમન ગિલ અને વિરાટ કોહલીએ બીજી વિકેટ માટે 118 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી. ગિલે 56 રન, જ્યારે કોહલીએ 93 રન બનાવ્યા. શ્રેણીની બીજી મેચ બુધવારે રાજકોટમાં રમાશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોએ.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજીઓનલ કોન્ફરન્સ 2026નું ઉદ્ઘાટન કર્યું એ સમાચારોને પ્રથમ પાને તસવીર સાથે પ્રસિદ્ધ કર્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે, સૌરાષ્ટ્ર કચ્છમાં રોકાણ નો યહી સમય– સહી સમય: મોદી
- નવગુજરાત સમય લખે છે, યોગ્ય સમય છે તક ઝડપી લેજો, નહિતર પસ્તાશો: પીએમ મોદી
- દિવ્ય ભાસ્કર લખે છે, રાજકોટમાં વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં રાજ્યના બજેટથી બમણા 8.65 લાખ કરોડના રોકાણની જાહેરાત
- જર્મન ચાન્સેલરની ગુજરાત મુલાકાત, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ઉદઘાટનના સમાચાર તમામ અખબારોમાં વાંચવા મળી રહ્યાં છે.